# મે.એડીશનલ ચીફ જ્યુડીશ્યલ મેજી.સાહેબશ્રીની કોર્ટ, વ્યારા, જી.તાપી

ફોજદારી કેસ નંબરઃ–૧૦૮/૨૦૨૬
આંકઃ–૦૫

**ફરીયાદીઃ– સરકારશ્રી**

**વિરુધ્ધ**

**આરોપીઃ– નિર્મલભાઈ નવિનભાઈ ગામીત**
**સરનામુ – કટાસવણ ગામ, સડક ફળીયુ, તા.વ્યારા, જી.–તાપી**

**ગુનોઃ–ભારતીય ન્યાય સહિતા,૨૦૨૩ ની કલમ– ૨૮૧ તથા એમ.વી.એકટની કલમ ૧૭૭, ૧૮૪ મુજબ**

## :: ચુકાદો ::

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુકમાં હકીકત એવી છે કે, તા.૧૬/૧૧/૨૦૨૫ ના રોજ કલાક ૧૧/૩૦ વાગ્યે આરોપીએ ગુન્હો કરેલ, આરોપી વિરુધ્ધ ગુન્હાની ફરીયાદ નોંધી તપાસ પુર્ણ કરી અદાલતમાં **ભારતીય ન્યાય સહિતા,૨૦૨૩ ની કલમ– ૨૮૧ તથા એમ.વી.એકટની કલમ ૧૭૭, ૧૮૪ મુજબના** ગુન્હા અંગેનું ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) આરોપીને બી.એન.એસ.એસ–૨૦૨૩ ની કલમ–૨૩૦ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડવામાં આવી. ત્યારબાદ આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાવી અલગથી ગુન્હા કબુલાત પુરસીસ આપેલ છે. ત્યારબાદ સદર ગુન્હા સંબધેની આરોપીની પ્લી નોંધવામાં આવેલ છે જેમાં પણ આરોપી ગુન્હો કબુલ હોવાનું જણાય છે. આરોપીએ ગુન્હો કબુલાત કોઈ પણ જાતના દબાણ વગર સ્વેચ્છાએ કરેલ છે તેની ખાતરી કરવામાં આવ્યા બાદ આરોપીએ ગુન્હાની કબુલાત નોંધી આ કામ રેકર્ડ ઉપર લેવામાં આવેલ છે. અને આરોપીને **ભારતીય ન્યાય સહિતા,૨૦૨૩ ની કલમ– ૨૮૧ તથા એમ.વી.એકટની કલમ ૧૭૭, ૧૮૪ મુજબ** શિક્ષાપાત્ર ગુન્હા માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે. આરોપીએ ગુનો એકરાર સ્વેચ્છીક રીતે કરેલ છે. અને લેખિત તેમજ મૌખિક રજુઆત કરેલ છે. કે તેઓ ગરીબ માણસ છે પ્રથમ વખત ભૂલ થયેલ છે. કુંટુંબ કબીલાવાળા માણસ છે કુંટુંબના ભરણપોષણની જવાબદારી તેમના ઉપર છે ગુન્હો કરવા બદલ પસ્તાવો વ્યકત કરેલ છે. તેમજ ફીર વખત આવો ગુનો નહી કરવાની ખાતરી આપેલ છે આથી દયા કરવા અરજ ગુજારેલ છે

(૩) ફરીયાદ પક્ષ તરફથી એવું કોઈ રેકર્ડ રજુ થયેલ નથી કે આરોપીએ અગાઉ ગુનો કરેલ હોય, જેથી આરોપીનો પ્રથમ ગુનો હોવાનું જણાય આવતું હોય તેમજ કુટુંબની જવાબદારી તથા આરોપીએ કરેલ પશ્ચાતાપ ધ્યાને લેતાં તેમજ આરોપીએ આવા પ્રકારનો ગુનો નહી

==============================================================

કરવાની ખાતરી આપતાં હોવાથી આરોપીને સુધરવાની તક આપવી જોઈએ આવા સંજોગોમાં આરોપી સામેનું તહોમત તેમજ ગુનાની ગંભીરતાં અને સજાની જોગવાઈ તેમજ આરોપીની રજુઆત ધ્યાને લેતાં, આરોપીની વિરુધ્ધ આ પ્રથમ પ્રકારનો ગુનો હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે

**.:: હુકમ ::**

(૧) આરોપીનાઓને બી.એન.એસ.એસ.–૨૦૨૩ ની કલમ–૨૭૫ અન્વયે **ભારતીય ન્યાય સહિતા,૨૦૨૩ ની કલમ– ૨૮૧ તથા એમ.વી.એકટની કલમ ૧૭૭, ૧૮૪ મુજબ**ના ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને **રૂ. ૧૦૦૦/– (એક હજાર પુરા)** નો દંડ કરવામાં આવે છે.

(૨) જો દંડ ન ભરે તો તેઓએ ત્રણ દિવસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

હુકમ આજરોજ તારીખ ૧૪મી માહે–માર્ચ–સને ૨૦૨૬ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૪/૦૩/૨૦૨૬
સ્થળઃ– વ્યારા.

**(રવિચંદ્રન પેરીયાસ્વામી દવેન્દ્ર)**
**એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,**
**તાપી મુ.વ્યારા.**
**[જી.જે.૦૦૪૫૯]**

==============================================================